ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



ચંદાબેન યાદવ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ કલબ



પ્રજ્ઞાબેન ઠક્કર
પૂર્વ પ્રમુખ, લાયોનેસ કલબ



પારૂલ મેહુલ પટેલ
મો. ૯૮૭૯૮ ૧૨૧૧૧



નિખિલ સુરેન્દ્રભાઈ બક્ષી
મો. ૯૪૨૮૨ ૧૭૩૬૦



કુંજેશ સોલંકી
મો. ૯૯૦૪૯ ૨૨૭૫૨



ટીશા જે પ્રજાપતિ
મો. ૯૮૨૫૩ ૯૭૧૦૮



ક્રિશકુમાર વિજયભાઈ પટેલ
મો. ૮૭૩૫૦ ૦૨૧૨૦



જાન્સી પરેશકુમાર વાળંદ
મો. ૯૦૯૯૯ ૫૦૦૭૭

# ગુજરાત યુનિવર્સિટીનો ખાસ પદવીદાન સમારંભ નવેમ્બર માસમાં જ યોજાશે

## વિદ્યાર્થીઓને ૧૦મી ઓક્ટોબર સુધી ફોર્મ ભરવા સૂચના

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટીનો ખાસ પદવીદાન સમારંભ આગામી નવેમ્બર માસમાં યોજવમાં આવશે. આ માટે વિદ્યાર્થીઓને તા.૧૦મી સુધીમાં ફોર્મ ભરી દેવાની સૂચના આપવામાં આવી છે. આ વખતે પદવીદાન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે દક્ષિણ આફ્રિકાના કોઈ મહાનુભાવને બોલાવવામાં આવશે. ઉપરાંત, ભુટાનના રાજાને પણ બોલાવવાની વિચારણા શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં બન્ને મહાનુભાવો સાથે વાટાઘાટો કરીને નામ નક્કી કરવામાં આવશે એવા આસાર છે.

યુનિવર્સિટીમાં નવેમ્બર-ડિસેમ્બરમાં ખાસ પદવીદાન સમારંભ યોજવામાં આવતો હોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી નવેમ્બરમાં યોજવાનો થતો પદવીદાન સમારંભ ડિસેમ્બર અને કયારેક તો જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં પણ યોજવામાં આવતો હોય છે. મોડા પદવીદાનના કારણે વિદેશ જવા ઈચ્છતા હજારો વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી નડતી હોય છે. છેલ્લા કેટલાક સમયથી ખાસ પદવીદાન સમારંભ યોગ્ય સમયે થાય તે માટે વિદ્યાર્થીઓ દ્વારા પણ રજૂઆતો કરવામાં આવી હતી.

ચાલુ વર્ષે કુલપતિ દ્વારા ખાસ પદવીદાન સમારંભ તેના નિર્ધારીત સમયે એટલે કે નવેમ્બરમાં જ યોજવાનો નિર્ણય કરાયો છે. આ વખતે મુખ્ય મહેમાન તરીકે ગુજરાતમાંથી નહી પરંતુ દેશ બહારથી કોઈ મહાનુભાવને બોલાવવાનું નક્કી કરાયુ છે. આ અંગે કુલપતિ એમ.એન.પટેલ કહે છે હાલ દક્ષિણ આફ્રિકામાંથી કોઈ શિક્ષણવિદ્દને બોલાવવાના પ્રયાસો શરૂ કરાયા છે. જો તેઓ મંજૂરી આપશે તો તેમને પદવીદાન સમારંભમાં બોલાવવામાં આવશે. જો તેઓને સમય અનુકુળ નહીં હોય તો પછી ભુટાનના રાજાના બોલાવવાની પણ તૈયારી શરૂ કરવામાં આવી છે.

આ વખતે નવેમ્બરનો પદવીદાન સમારંભ નિશ્ચિત સમયે થાય તે માટે વિદ્યાર્થીઓને તા.૧૦મી ઓક્ટોબર સુધીમાં ફોર્મ ભરી દેવાની સૂચના પણ આપી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે પદવીદાન સમારોહ નિર્ધારિત સમયે યોજવાનો મહત્વનો નિર્ણય યુનિવર્સિટીને કરવો પડ્યો છે. આ નિર્ણયથી યુનિ.ના અનેક વિદ્યાર્થીઓને લાભ થશે.

# તમામ કોર્સની ૭૦ હજાર ખાલી બેઠકો માટે ૨૬મીએ કાર્યવાહી

## સ્થળ પર જ ખાલી બેઠકો પર પ્રવેશ ફાળવી અપાશે : અગાઉ ઓનલાઈન રજિસ્ટ્રેશન બાદ કન્સેન્ટ ન આપી હોય તેવા વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૨૪

ડિગ્રી એન્જિનિયરિંગમાં હાલ અંદાજે ૩૦ હજાર જેટલી બેઠકો ખાલી પડી છે. આજ રીતે અન્ય કોર્સની ખાલી બેઠકોની ગણતરી કરવામાં આવે તો અંદાજે ૭૦ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે. આ તમામ બેઠકો માટે હવે વધુ એક દિવસ વિદ્યાર્થીઓને તક આપવાનું નક્કી કરાયું છે. આગામી તા.૨૬મીએ પ્રવેશ ઈચ્છતાં તમામ વિદ્યાર્થીઓને એક દિવસ પોતાના પ્રમાણપત્રો સાથે હાજર રહીને ખાલી પડેલી બેઠકો પર પ્રવેશ મેળવી શકશે. ડિગ્રી એન્જિનિયરિંગમાં ચાલુ વર્ષે અંદાજે ૭૧ હજાર બેઠકો માટે વિદ્યાર્થીઓને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં અવી હતી. જેમાં ૪૭ હજાર જેટલા વિદ્યાર્થીઓએ ફોર્મ અને પીન મેળવીને ઓનલાઈન રજિસ્ટ્રેશન કર્યુ હતું. જે પૈકી ચોઈસ ફિલિંગ કરવાની સમયમર્યાદા બાદ ૪૪ હજાર વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરવામાં આવી હતી. સળંગ ત્રણ રા?ઉન્ડ થયા પછી પણ હાલ અંદાજે ૩૦ હજાર જેટલી બેઠકો ખાલી પડી છે.

આ જ રીતે ડિપ્લોમાથી ડિગ્રી માટે પણ ૨૦ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે. આ સિવાય એમબીએ-એમસીએ, એમ.ઈ., એમ.ટેક, એમ.ફાર્મ વગેરેમાં પણ બેઠકો ખાલી પડી છે. આ વખતે આ બેઠકો માટે વિદ્યાર્થીઓને વધુ એક દિવસ તક આપવાનું નક્કી કરાયુ છે. જેમાં અગાઉ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા પછી કોઈને કોઈ કારણોસર પ્રવેશ ન લેનારા ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ પ્રવેશ વંચિત છે. આ સિવાય ૩૦૦ વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ કોઈને કોઈ કારણોસર પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નહોતો. આ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ પ્રવેશ સમિતિ સમક્ષ લેખિતમાં રજૂઆત કરીને બેઠકો ખાલી પડે તો પ્રવેશ આપવા માંગણી કરી છે.

### રાજ્ય ફેન્સિંગ સ્પર્ધામાં વિજયી

# પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદ



ગાંધીનગર, તા. ૨૪

આણંદ જિલ્લાના ધુવારણ ખાતે રાજ્યકક્ષાની ફેન્સિંગ સ્પર્ધા (અન્ડર-૧૯ વિભાગ)નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ગાંધીનગરની પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિજય પ્રાપ્ત કરીને વિદ્યાલય તથા શહેરનું નામ રોશન કર્યું હતું તેમજ આ વિદ્યાર્થીઓ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પણ પસંદગી પામ્યા હતા. વિદ્યાલયના વિદ્યાર્થી જયેન્દ્ર મહેન્દ્રસિંહ વાઘેલા, નેહા મુકેશભાઈ શાહ, પ્રશાંત નરેશભાઈ વાઘેલા, મિતેષ પપ્પુભાઈ યાદવ, સત્યજિત પ્રહલાદભાઈ ચાવડા, અંકિતા પ્રવીણભાઈ વાઘેલા, રસના મહોબતજી ઠાકોર, સંધ્યા અર્જુનસિંહ વાઘેલા, વિજય મહેશભાઈ વાઘેલાએ રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં વિજય પ્રાપ્ત કર્યો હતો અને રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રીએ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

### ડાયરેક્ટ ❤ સે

જે દિવસે મારી સાથે 'અંધારૂં' હતું... એ દિવસે મને ખબર પડી કે કોણ 'મારૂં' હતું...!

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેન્જો
૧૨.૪૫, ૬.૪૫
ડેઝ ઑફ ટેફી
૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ધ મૅગ્નીફિસન્ટ-૭ (અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ધ મૅગ્નીફિસન્ટ-૭ (હિન્દી)
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૪**
પિન્ક
૨.૪૫, ૧૦.૦૦
વાહ તાજ
૫.૩૦
પર્ડ
૧૨.૩૦, ૭.૪૫

**સ્ક્રીન-૫**
ડેઝ ઑફ ટેફી
૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૩૦
બેન્જો
૩.૪૫, ૧૦.૦૦

### શ્રી એમ. પી. શાહ એજયુકેશન સોસાયટી સંચાલિત

# સી ઍન આર્ટ્સ ઍન્ડ બી ડી કૉમર્સ કૉલેજમાં સ્વયં શિક્ષણ દિન - રકતદાન શિબિર

ગાંધીનગર, તા. ૨૪


સી.એન.આર્ટ્સ એન્ડ બી.ડી.કોમર્સ કોલેજ, કડી (હાઈવે કેમ્પસ) ખાતે શિક્ષક દિવસ નિમિત્તે સ્વયં શિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી, જે અંતર્ગત કોલેજના ૩૭ વિદ્યાર્થી ભાઈ-બહેનો અધ્યાપક તરીકેની જવાબદારી સંભાળી હતી. અધ્યાપક બનેલા વિદ્યાર્થીઓએ એફ વાય બી.એ, બી.કોમ.થી ટી.વાય બી.એ, બી.કોમ સુધીના વર્ગોમાં વિવિધ વિષયોનું શિક્ષણકાર્ય સંભાળ્યું હતું.

ટી.વાય.બી.કોમની વિદ્યાર્થીની પ્રિયંકા શાહે પ્રિન્સીપાલ તરીકે જવાબદારી બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સિપાલ ડૉ.લ જી ડી ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમના કન્વીનર વાઈસ પ્રિન્સિપાલ પ્રૉ. આઈ બી પટેલ, પ્રૉ. એસ. ટી. પટેલ, ડૉ. જે. એમ. ચાવડા તથા ડૉ. જી. સી. સોઢાપરમારે કર્યુ હતું તથા સમગ્ર સ્ટાફે તેને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. ભાગ લેનાર સર્વે વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામરૂપે પેન ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે હળવો નાસ્તો કરીને સર્વે છૂટા પડયા હતા.

કોલેજ ખાતે એન.એસ.એસ. તથા એન.સી.સી. ના સંયુકત ઉપક્રમે મંડળના મંત્રી શેઠ નલીનભાઈ શાહના ૬૩ મા જન્મદિવસ નિમિત્તિ અમદાવાદની ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી થેલેસેમિયા નિદાન તથા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજમાં એફ. વાય. બી.એ./બી.કોમના વિદ્યાર્થીઓનું થેલેસેમિયા નિદાન કરવામાં આવ્યું હતું સાથે જ આયોજિત રકતદાન શિબિરમાં સ્ટાફમિત્રો અને વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા ૭૫ જેટલી બોટલ રકતદાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા એન.એસ.એસ. ઓફિસર ડૉ. ચિરાગ ધંધુકીયા, એન.સી.સી. ઓફિસર પ્રો. રમેશ પ્રજાપતિ, પ્રો. બી.આર કલાસ્વા, પ્રો. આઈ. બી. પટેલ તથા ડૉ. જી.સી.સોઢા પરમારે પ્રિન્સિપાલ ડૉ. જી. ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કામગીરી બજાવી હતી. મંડળના મંત્રી નલીનભાઈ શાહે કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની આ પ્રવૃતિને બિરદાવી હતી.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત યુવક મહોત્સવ : સંગત-૨૦૧૬

# યુવા વિદ્યાર્થીઓએ સામાજિક સમસ્યાઓ ઉજાગર કરી









## યુવક મહોત્સવના પ્રથમ દિવસે ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ લોકનૃત્ય, લોકગીત, એકપાત્રિય અભિનય, માટીકામ, ડિબેટ, સ્કીટ, પોસ્ટર મેકિંગ, કોલાજ વર્ક અને ક્વીઝ, કલાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટ, લાઈટ વોકલ જેવી સ્પર્ધાઓમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો

કેએસવી યુવક મહોત્સવ : સંગત-૨૦૧૬માં વિદ્યાર્થીઓએ પોતાનાં કલા કૌશલના જાનદાર પ્રદર્શન સાથે સામાજિક સમસ્યાઓને ઉજાગર કરીને યુવાનીનો હકારાત્મક પરચો આપ્યો હતો.

યુવક મહોત્સવનો પ્રારંભ રેલીથી થયો હતો. કેઍસવી સંલગ્ન ૩૫ કોલેજોએ 'ગ્રીન ઍનર્જી' થીમ આધારીત પોતાના વિચારોને રેલીમાં ટૅબ્લો અને પોસ્ટર્સથી રજૂ કર્યા હતા. એક કૉલેજની ટીમે તો રેલીમાં પોતાના પ્રદર્શનને અસરકારક બનાવવા માટે સ્પર્ધકોનાં વસ્ત્રોથી લઈને ઍસેસરીઝ સુધી પાંચ હજારનું ખર્ચ કર્યુ હોવાનું જાણવા મળ્યું હતું.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે એમસીએ કૉલેજ અને દ્વિતિય ક્રમે એસ.કે. પટેલ એમ.બી.એ. કૉલેજ વિજેતા બની હતી.

પર્યાવરણ કા રખેં ધ્યાન, તભી બનેગા દેશ મહાન... ગ્રીન ઍનર્જી, મહા ઍનર્જી... ઈસ્ટ ઓર વૅસ્ટ, પર્યાવરણ ઈઝ બેસ્ટ.... સાઈકલ ચલાવો, પર્યાવરણ બચાવો... જેવાં સૂત્રો વિદ્યાર્થીઓએ આ રેલીમાં દર્શાવ્યાં હતાં.

રેલી ઍલડીઆરપી પહોંચી ત્યારે વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા ટૅબ્લો ક્યાં મૂકવા એ અંગે કોઈ વ્યવસ્થા જોવા મળી નહોતી. વિદ્યાર્થીઓએ અંદરોઅંદર પૂછપરછ કરી હતી અને પછી કૅન્ટીન આગળની ખાલી જગ્યામાં ફાવે તેમ ટૅબ્લોનો ખડકલો કરી દીધો હતો.


ઉદ્‌ઘાટન કાર્યક્રમની શરૂઆતમાં એન્જીનીયરીંગ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગણેશ પ્રાર્થના નૃત્યના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રસ્તુત થયેલું ફોક ઑરકેસ્ટ્રા મહેમાનો અને વિદ્યાર્થીઓનાં દિલમાં વસી ગયું હતું. ફોક ઑરકેસ્ટ્રાના વિદ્યાર્થીઓ રાહુલ ક્રિશ્નન, મેઘા ભટ્ટ, નિકુંજ, શીવેન, સ્મિત દ્વારા આરતી સહિત ગુજરાતની સંસ્કૃતિને પ્રગટ કરતી પ્રખ્યાત રચનાઓ સંગીત દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી, જેને સૌની ભરપૂર પ્રશસ્તિ મળી હતી.

યુવક મહોત્સવના ઉદ્‌ઘાટનમાં યુવા ફિલ્મ નિર્માતા અને 'કેવી રીતે જઈશ' તથા હાલ થિયેટર્સમાં સફળતાપૂર્વક ચાલી રહેલી ગુજરાતી ફિલ્મ 'રોંગ સાઈડ રાજુ'ના નિર્માતા અભિષેક જૈન ઉપસ્થિત હતા, જેમના પ્રત્યે વિદ્યાર્થીઓએ ખાસ્સું આકર્ષણ અનુભવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહ પૂર્ણ થયા બાદ ખાસ્સા સમય સુધી અભિષેકની આસપાસ યુવાઓનું ટોળું જોવા મળ્યું હતું અને પોતાની ટેવ મુજબ જ અભિષેક સાથે ફોટોઝ અને સૅલ્ફી માટે યુવાઓએ હોડ લગાવી હતી.

લોકનૃત્યોની સ્પર્ધા ખીમજી વિસરામ હૉલ ખાતે શુક્રવારે યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓના આકર્ષક પહેરવશે સ્ટેજને રંગીન બનાવી દીધું હતું. અલબત્ત, દેશના અલગ અલગ પ્રાંતોની કૃતિઓ રજૂ થઈ તેમણે પણ પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. મોબાઈલ, કમ્પ્યુટર કે મોજશોખ અને હરવા-ફરવામાં જ આજની યુવાપેઢી રાચે છે એ માન્યતાનો છેદ ઉડાડતાં યુવા વિદ્યાર્થીઓએ લોકનૃત્યોનું જાનદાર પ્રદર્શન કર્યુ હતું. ૧૨ જેટલી ટીમ દ્વારા વિવિધ લોકનૃત્યો રજૂ થયાં હતાં.

લોકનૃત્યોની સ્પર્ધા દરમ્યાન ચાર છોકરીઓના પગ મચકોડાઈ જવાની ને એક છોકરીને ચક્કર આવવાની ઘટના પણ બની હતી, જેણે આયોજકોને દોડતા કર્યા હતા.

લોકનૃત્યની એક કૃતિમાં વિદ્યાર્થીઓએ ઊંટનું અદ્દલોદ્દલ દશ્ય ઊભું કરી તિરંગો લહેરાવતાં સમગ્ર માહોલ દેશભક્તિની ભાવનાથી ભરાઈ ગયો હતો ને સૌએ એકસાથે 'ભારત માતા કી જય..'ના નારા લગાવ્યા હતા.




જોકે, યુવક મહોત્સવમાં માત્ર યુવાશક્તિ અને ખેલદિલીનાં જ દર્શન થયા હતાં એવું નહોતું. એક વિભાગમાં વિદ્યાર્થીઓ વચ્ચે મતભેદ સર્જાતાં વિદ્યાર્થીઓએ પરફોર્મન્સ આપવાનું ટાળ્યું હતું. તેના કારણે અન્ય વિદ્યાર્થીઓ પણ પોતાનાં પરફોર્મન્સ આપી શક્યા નહોતાં. સ્કીટ અને માઈમ બંને કૃતિઓ આ એક જ ટીમ પ્રસ્તુત કરવાની હતી, જે બંને કૃતિઓ આ તકરારને કારણે તેમણે પ્રસ્તુત જ નહોતી કરી. જીવનમાં લહાવો ગણાય એવી આ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ ન લઈને આ યુવા વિદ્યાર્થીનીએ મૂર્ખતા અને જડતાનું વરવું પ્રદર્શન પણ કર્યું હતું. પોતાની નાની એવી વાતને મોટી બનાવીને અન્યોની લાગણી અને મહેનત પર પાણી ફેરવી દેનારા આ વિદ્યાર્થીઓ પ્રત્યે ઘટના જાણનાર અન્ય વિદ્યાર્થીઓએ ફિટકાર વરસાવ્યો હતો.

સ્કીટ અને માઈમ જેવી થિયેટર ઈવેન્ટ્સમાં ૨૧ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા, યુવા અને આધુનિકતા, દીકરો-દીકરી એકસમાન, સિમેન્ટ કોંક્રિટના જંગલો, જોકર જેવી જીંદગી, રામાયણ-મહાભારત અને આધુનિક ફિલ્મી જગત, નારી શક્તિ જેવા વિષયો ઉજાગર થયા હતા. માણસ એક જોકર અને મોબાઈલનો દુરઉપયોગ કૃતિએ પ્રેક્ષકોની વાહવાહી મેળવી હતી.

આમ તો સમગ્ર યુવક મહોત્સવમાં યુવકો કરતાં યુવતિઓની ભાગીદારી વધુ હતી, પરંતુ આ ફરક સૌથી વધુ સંગીતની સ્પર્ધામાં દેખાયો હતો. સંગીતની સ્પર્ધામાં ૨૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં દીકરીઓની સંખ્યા ૨૪ જેટલી હતી. આમ, સંગતના સંગીતમાં દીકરીઓ છવાઈ ગઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાતી ભાષાનાં સદાબહાર ગીતો રજૂ થયા હતાં.

ડિબેટના વિષયો રસપ્રદ અને સાંપ્રત પ્રવાહો આધારીત રાખવામાં આવ્યા હતા. અલબત્ત, મોટાભાગના વિદ્યાર્થીઓએ 'પરમારણુ શક્તિના ઔદ્યોગિક ઉપયોગના ફાયદા અને ગેરફાયદા' વિષયને પસંદ કર્યો હતો. 'સોશિયલ મીડિયા અને સોશિયલ નેટવર્કિંગ સાઈટનો સમાજ પર પડતો પ્રભાવ' વિષયે સૌથી વધુ યુવાનોના વક્તવ્યની અપેક્ષા હતી, જે પૂર્ણ થઈ ન હતી.

એક પાત્રિય અભિનયમાં નારી શક્તિ, દીકરો-દીકરી એકસમાન વગેરે જેવા મુદ્દાઓ પર અભિયન રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં એક 'રેપીસ્ટ'નું અનોખું પાત્ર લઈને આવેલા યુવાને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. 'હું રેપ કરું છું કારણ કે તમારી સિસ્ટમમાં ખોટ છે, બાકોરાં છે. જ્યાં સુધી તમારી સિસ્ટમમાં બાકોરાં રહેશે ત્યાં સુધી અમારા જેવાં જાનવરો તમારા ઘરમાં ઘૂસતાં રહેશે અને તમારી બહેન-દીકરીઓની આબરૂ લૂંટતા રહેશે' એવો વિચારતા કરી મૂકે તેવો સંદેશ આ પાત્રના માધ્યમથી યુવાને પ્રસ્તુત કર્યો હતો.

યુવક મહોત્સવના દ્વિતિય દિવસે વક્તૃત્વ સ્પર્ધા માટે 'આપણી દેશ ભક્તિ પ્રસંગ આધારીત છે કે શાશ્વત?', 'અતિ આધુનિકતા સમી પેપરલેસ ઓફિસ ભારતમાં સફળ થવી શક્ય નથી', 'સાહિત્ય અને કલા શોખના નહીં, પરંતુ જીવનના વિષય છે' એ વિષયો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. દેશભક્તિ વિષયે સૌથી વધુ વિદ્યાર્થીઓએ પોતાનાં વક્તવ્યો રજૂ કર્યા હતાં.

શીઘ્ર વક્તૃત્ત્વની સ્પર્ધામાં 'પ્રાર્થના' જેવા સુંદર વિષયે પણ પોતાનું વક્તવ્ય આપવાની તક એક વિદ્યાર્થીનીને મળી હતી, જેણે પ્રાર્થનાના મહત્ત્વથી માંડીને પ્રાર્થના માટે વ્યક્તિની ઊભા રહેવાની સ્થિતિ સુધીનું સુંદર વર્ણન પોતાના વક્તવ્યમાં કર્યુ હતું.

(માહિતીસ્ત્રોત : પત્રકારત્વ વિભાગ, કડી સર્વ વિશ્વવિદ્યાલય)